ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૭ ટકા

# શહેરમાં આડેધડ વાહનો મુકતા વાહચાલકો પર તંત્રની તવાઈ


## શહેરમાં વિવિધ સ્થળો પરથી ૧૧૪ વાહનો ટોંઈગ કરીને ટ્રાફિક પોલીસે રૂ.૬૦૦૦ નો દંડ વસુલ્યો



ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી પાર્કીંગનો પ્રશ્ન સતાવી રહ્યો છે. શહેરના મુખ્ય બજારોમાં આડેધડ ટુ-વ્હીલર અને ફોર વ્હીલર પાર્ક કરતા અન્ય નગરજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે આજે સવારથી ટ્રાફિક પોલીસે આડેધડ વાહનો પાર્ક કરતા માલિકો સામે લાલ આંખ કરી છે. શહેરમાં વિવિધ સ્થળો પરથી તંત્રએ ૧૧૪ વાહનો ટોંઈગ કરીને દંડનીય કાર્યવાહી શરુ કરતા વાહન માલિકોમાં ગભરાટ ફેલાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં ઘ-૪ થી ઘ-૫, સે-૧૧ કોમર્શીયલ કોમ્પ્લેક્ષની આસપાસનો વિસ્તાર, સે-૧૭-૨૨, સે-૨૧,૨૪, ૭, સરગાસણ ચોકડી, રિલાયન્સ ચોકડી, ઘ-૦, સહિતના વિસ્તારમાં ભારે ટ્રાફિક દિવસ દરમિયાન રહેતો હોય છે. સ્થાનિક નાગરીકોને ત્યાંથી પસાર થવુ પણ મુશ્કેલીરૂપ લાગી રહ્યું છે. પાર્કીંગની યોગ્ય વ્યવસ્થા હોવા છતા આડેધડ વાહન પાર્ક કરવા ટેવાયેલા વાહન માલિકો સામે આજે ટ્રાફિક પોલીસ તંત્રએ લાલ આંખ કરતા વાહન માલિકોમાં ભય ફેલાયો છે. શહેરમાંથી તંત્ર દ્વારા અડચણરૂપ વાહનો ટોંઈગ કરીને દંડનીય કાર્યવાહીની શરુઆત કરવામાં આવી છે. વાહનો ટોંઈગ કરીને નિયત કરેલી જગ્યાએ લઈ જવાય છે તો બીજી તરફ ગાડીઓને લોક મારીને દંડ વસુલવામાં આવે છે. તંત્ર હરકતમાં આવતા વાહન માલિકો ગભરાટ ફેલાયો છે. આજે નગરના માર્ગો પર તેમજ ટ્રાફિક રહેતો હતો તેવા સ્થળો પર વ્યવસ્થિત પાર્ક કરેલા વાહનો નજરે પડ્યા હતા. ત્યારે સોમવારના રોજ શહેરના વિવિધ સ્થળો પરથી ટ્રાફિક પોલીસ તંત્રએ આડેધડ પાર્ક કરેલા ટોંઈગ કરીને રૂ. ૬ હજારનો દંડ વસુલ્યો છે. ત્યારે આગામી દિવસોમાં પણ ટ્રાફિક પોલીસની નગરના માર્ગો પરથી અડચણરૂપ વાહનો હટાવ ઝુંબેશ કાર્યરત રહેશે.



## @ગાંધીનગર

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે ચણા-સીંગના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૧૦ના રોજ લહેરીયાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

# રાજયકક્ષાની ૧૦મી પિસ્ટલ શુટીંગમાં ચેમ્પિયન અમદાવાદ ડિસ્ટ્રીકટની ટીમમાં ગાંધીનગરનો હર્મિત પટેલ

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં વડોદરા ખાતે ૫૪મી ગુજરાત સ્ટેટ શુટિંગ ચેમ્પિયનશીપ ૨૦૧૮-૧૯ યોજાઈ ગઈ. જેમાં અમદાવાદ ડિસ્ટ્રીકટની ટીમે ૧૦ મીટર પિસ્ટલ શુટિંગના ટીમ ઈવેન્ટમાં ચેમ્પિયન બની ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. આ ટીમમાં ત્રણ શુટરો પૈકી એક ગાંધીનગરના સે-૪-એના હર્મિત પટેલનો સમાવેશ થાય છે જેમણે ૩૬૨ના વ્યકિતગત ફાળા સાથે ટીમનો સ્કોર ૧૦૮૧ સુધી પહોંચાડયો હતો.





રાજયકક્ષાની ૫૪મી શુટિંગ કોમ્પીટીશન વડોદરાના માંજલપુર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં એર રાયફલ શુટિંગ, પિસ્ટલ શુટિંગ વગેરેથી માંડીને વિવિધ સ્પર્ધાઓ અલગ અલગ કેટેગરીમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૧૦ મીટર પિસ્ટલ શુટિંગ ટીમ ઈવેન્ટમાં અમદાવાદ ડિસ્ટ્રીકટની ટીમમાં પ્રણય ગઢવી, હર્મિત પટેલ અને ઝીલ પટેલે ભાગ લીધો હતો. આ ત્રણે ખેલાડીઓએ મળીને કુલ ૧૯૮૧ પોઈન્ટનો સ્કોર ખડકી દેતા તેઓ ચેમ્પિયન બન્યા હતા અને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. આ સ્પર્ધામાં સામેલ ત્રણેય ખેલાડીઓમાં સૌથી વધુ પોઈન્ટસ પ્રણય ગઢવીના ૩૬૪ ત્યારબાદ હર્મિત પટેલના ૩૬૨ અને ઝીલ પટેલના ૩૫૫ પોઈન્ટસનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે હર્મિત પટેલ તથા ઝીલ પટેલ ગુજરાત યુનિ.માં સ્કૂલ ઓફ સાયન્સમાં બોટની વિષયમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહ્યા છે અને તેમણે ૨૦૧૬ના વર્ષથી પિસ્ટલ શુટિંગ ચાલુ કર્યુ છે. હર્મિત પટેલ અગાઉ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ.માં કોમ્પીટીશનમાં પણ ભાગ લઈ ચુકયા છે.

# સેકટર-૧૩ શોંપીગ સેન્ટરમાં બે દુકાનના તાળા તુટયા : ૭૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં રાત્રીના સઘન પેટ્રોલીંગ હોવા છતા તસ્કરો ચોરી કરી પલાયન થઈ જાય છે. ગાંધીનગર શહેર ચોર ઈસમો માટે સોફટ ટાર્ગેટ બનતું જાય છે. તાજેતરમાં સે-૨૪ માં બે દુકાનને તસ્કરો નિશાન બનાવી હતી. તસ્કરો એક પછી એક ચોરી કરી પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના સે-૧૩ શોંપીગ સેન્ટરમાં સવારના સમયે ત્રાટકેલા ચોર ઈસમોએ દુધ પાર્લર તેમજ પ્રોવિઝન સ્ટોરને નિશાન બનાવી શટર તોડીને રૂ.૭૫,૭૦૦ ની રોકડ ચોરી જતા વેપારીઓમાં ભય ફેલાઈ ગયો છે. દુધ પાર્લરના માલિક તો ૩ વાગ્યાના અરસામાં દુકાને આવ્યા હતા અને દુધના પેમેન્ટના રૂપીયા મુકીને ગયા હતા તે જ રૂપીયા ચોરી થઈ ગયા હતા. ફરીયાદના આધારે સેકટર-૭ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં નવા અને જુના સેકટરોમાં શટરો તુટવાની પરંપરા યથાવત રહેવા પામી છે ત્યારે સેકટર-૫ માં વસવાટ કરતા અને સેકટર-૧૩ શોંપીગ સેન્ટરમાં જય અંબે પાર્લરમાં દુધ-છાશનું વેચાણ રાજુભાઈ નટવરભાઈ પટેલ સોમવારે વહેલી સવારે ૪ વાગ્યાના અરસામાં દુકાને આવીને જોયું તો પોતાની દુકાનનુ શટર ખોલીને રૂ.૭૫ હજારની રોકડ ભરેલી થેલી તથા બાજુમાં આવેલી હરીહર પ્રોવિઝન સ્ટોરનું શટર તોડીને રૂ.૭૦૦ ની મત્તા મળીને કુલ રૂ.૭૫,૭૦૦ ની ચોરી થવા પામી છે. ત્યારે મળતી માહિતી મુજબ રાજુભાઈ સવારે ૩ વાગે દુકાને રૂપીયા થેલીમાં લઈને આવ્યા હતા. સાડા ત્રણ વાગે દુધ આવતા દુધના કેરેટ વ્યવસ્થિત ગોઠવીને રૂપીયા દુકાનમાં મુકીને શટરને તાળુ મારીને દુધ આપવા માટે નીકળ્યા હતા. સવારે ૬ વાગ્યાના અરસામાં ડીલેવરી પુરી કરીને આવતા જોયુ તો શટર તુટેલુ હતું. શટરના વચ્ચેના ભાગને કોસ જેવા મજબુત હથિયાર વડે ઉચું કરી દીધુ હોય તેમ લાગી રહ્યું હતું. પાસેની આવેલી દુકાનમાં પણ આ જ રીતે શટર ખોલીને ચોરી કરી હતી. ચોરી સવારે ૪ થી ૬ ના અરસામાં થવા પામી છે. ત્યારે નાગરીકોની પણ અવરજવર રહેતી હોય છે. ચોરીઓને અટકાવવા માટે તંત્ર દ્વારા પોલીસ ચોકીઓ શરુ કરવામાં આવી છે, ત્યારે પોલીસ ચોકીની સામે જ ચોરી થવા પામી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ઘ-૩ સર્કલથી વાવોલ તરફના માર્ગે રેલવે ફાટકે ઈલેકટ્રોનિક સીસ્ટમ સાથેના તદ્દન નવા બેરિયર્સ લગાડાયા છે. વાવોલ ફાટકે હાલ કાર્યરત મેન્યુઅલ બેરિયર્સ ખુલવામાં થતા વિલંબથી કંટાળેલા વાહન ચાલકોએ આજે નવા બેરિયર્સનું ટેસ્ટિંગ થતા જોઈ આનંદ અનુભવ્યો હતો અને ઝડપથી આ ઈલેકટ્રોનિક ફાટક નિયમિત ધોરણે કાર્યરત થઈ જશે તે માટે અપેક્ષા સેવી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પાંચ જેટલા મહિલા સદસ્યો રાહુલ ગાંધીએ બોલાવેલ મહિલા આગેવાનોની બેઠકમાં ભાગ લેશે. આ સદસ્યો નવી દિલ્હી જવા રવાના થઈ ગયા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય શંકરભાઈ ચૌધરીને હાર્ટ એટેક આવ્યો છે. શંકરભાઈ ચૌધરીને હાલ સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

● રિઅલ એસ્ટેટ ક્ષેત્રે દેશવ્યાપી મંદીના વાતાવરણની ગાંધીનગરના પ્રોપર્ટી માર્કેટ પર અસર જોવા મળી રહી છે અને મકાન લે વેચ કે નવા રહેણાંક મકાનોના વેચાણમાં મંદી પ્રવર્તી રહી છે. જો કે ગાંધીનગરમાં ભાડાના મકાનના માર્કેટમાં હજુ પણ તેજી જળવાયેલી જોવા મળી રહી છે.

● શહેરમાં ચાલી રહેલ ટ્રાફિક ઝુંબેશને કારણે વાહનચાલકો હવે કોઈ પણ જગ્યાએ વાહન પાર્ક કરતા પહેલા ગભરાટ અનુભવી રહ્યા છે કે કયાંક ટ્રાફિક પોલીસ વાહન ટોઈંગ તો નહીં કરી જાય ને.. અને આ કારણે કદાચ નગરજનો આડેધડ વાહન પાર્ક કરવાનું ભૂલી યોગ્ય રીતે પાર્ક કરતા પણ થઈ જાય...

# વાવોલમાં વીજ ધાંધિયાનું કાયમી નિરાકરણ આવે તેવી પ્રજામાં માંગ

ગાંધીનગર, તા.૬

વાવોલમાં હજુ પણ વીજ ધાંધિયા ના કારણે રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. વારંવાર રાત્રિના સમયે લાઈટો ગુલ થવાને કારણે વિદ્યાર્થીઓને પણ તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. રહીશો દ્વારા વીજકંપનીમાં અનેકવાર ટેલિફોનિક રજુઆતો કરવા છતાં સમસ્યા ઉકેલાતી નથી અને જયારે વીજ પુરવઠો ખોરવાય છે ત્યારે તો કસ્ટમર કેર પર કરવામાં આવેલ કમ્પ્લેઈન કૉલને કોઈ ઉપાડતું પણ નથી.

વાવોલ વિસ્તારમાં ઉત્તર ગુજરાત વીજ કંપની યુજીવીસીએલ દ્વારા વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. આ વિસ્તારમાં છાશવારે લાઈટો ગુલ થવી એ સામાન્ય બાબત બની જવા પામી છે. જેને કારણે નાગરિકો અનેકવિધ પરેશાનીનો ભોગ બની રહ્યા છે. વળી રાત્રિના સમયે લાઈટો જાય છે ત્યારે નાગરિકોની સલામતીનો પ્રશ્ન પણ ખડો થવા પામે છે. તાજેતરમાં જયારે રાત્રિના સમયે આશરે સાડા દસ વાગે લાઈટો ગુલ થઈ ત્યારે એક જાગ્રત રહીશે યુજીવીસીએલના કસ્ટમર કેરમાં ફોન કર્યો પરંતુ કોઈએ ફોન ઉપાડયો નહોતો તેથી નાગરિકે યુજીવીસીએલની મહેસાણા કચેરીએ ફોન કર્યો જયાંથી તેને વીજ કંપનીના અધિકારીનો નંબર આપવામાં આવ્યો જેના પર વાત કરતા માલૂમ પડયું કે ટ્રાન્સફર્મરમાં પ્રોબ્લેમ હોવાથી લાઈટો ગુલ થવા પામી છે જે રીપેર થયા બાદ લાઈટ આવશે.

આ જોતા સ્પષ્ટ જણાઈ આવે છે કે વીજલાઈનનું યોગ્ય રીતે મેન્ટેનન્સ નિયમિતપણે થવું જોઈએ તે કદાચ થતું નથી. તેથી વાવોલ વિસ્તારમાં યુજીવીસીએલ દ્વારા સત્વરે વીજલાઈનોનું મેન્ટેનન્સ કરી વારંવાર ઉભા થતા ફોલ્ટનું નિરાકરણ કરવામાં આવે તેવી જનતામાં માંગ ઉઠવા પામી છે અત્યારે ચોમાસાની ઋતુ હોઈ રાત્રિના સમયે લાઈટ ગુલ થતા મચ્છરના ત્રાસથી રહીશો બિમારીનો ભોગ બનવાની શકયતા ઉભી થવા પામી છે.

# સિવિલની ધારાસભ્ય શંભુજી ઠાકોરે મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૭

સ્વચ્છતા અભિયાન અંતર્ગત આજ રોજ ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જેમાં મેડીકલ વોર્ડ, પિડીયાટ્રીક વોર્ડ, સર્જરી વિભાગ અને ઓર્થાોપેડીક, આઈસીસીયુ, સ્પેશીયલ રૂમ સહિતના વિભાગોમાં ફરીને સ્વચ્છતા અંગે નિરીક્ષણ કર્યુ હતું અને દર્દીઓની ખબર અંતર પુછી હતી. આ પ્રસંગે સિવિલના આરએમઓ ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, ડીએનએસ અલ્પેશ પટેલ, એસ.આઈ. ભરતભાઈ બારોટ અને પ્રકાશભાઈ સહિત રાજદીપ એન્ટરપ્રાઈઝરના સુપરવાઈઝર રાકેશ પરમાર અને વિરમ દેસાઈ હાજર રહ્યા હતા.





ગાંધીનગરમાં શૈક્ષણિક પુસ્તકોના સરળ રીતે આદાન-પ્રદાન માટે વર્ષોથી વિદ્યા લાયબ્રેરી પ્રખ્યાત છે. દર વર્ષે વિદ્યા લાયબ્રેરી ખાતે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં અનેક નવા જુના પુસ્તકોની લે વેચ કરાય છે જે વિદ્યાર્થીઓમાં ખૂબ લોકપ્રિય બની રહે છે. અત્યારે ચાલી રહેલા આ પુસ્તક મેળામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉમટી રહ્યા છે.

# શહેરના સેવાભાવી યુવાનોએ અનોખી રીતે ઉજવ્યો "ફ્રેન્ડશીપ ડે"

## ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટ તથા હેપ્પી યૂથ કલબના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૧૩માં નંદનવન આશ્રમ શાળા ખાતે ૧૨૦ બાળકોના ચહેરા પર સ્મિત રેલાવ્યું

ગાંધીનગર, તા. ૬

ફ્રેન્ડશીપ ડે એટલે મિત્રો સાથે મોજ મસ્તીનો દિવસ, મિત્રો સાથે આનંદ કરવાનો દિવસ, પરંતુ જે બાળકો અનાથ, નિરાધાર કે વંચિત છે તેમના માટે તમામ દિવસો જાણે સરખા જ છે. ગાંધીનગરના સેક્ટર-૧૩ ખાતેની નંદનવન આશ્રમશાળાના ૧૨૦ બાળકોને શહેરના ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હેપ્પી યૂથ કલબના સંયુકત ઉપક્રમે "ફ્રેન્ડશીપ ડે"ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થાના સેવાભાવી યુવાનોએ બાળકોને મોજ મસ્તી કરાવી નાસ્તો પણ કરાવતા બાળકોના ચહેરા ખીલી ઉઠ્યા હતા.

ગઈકાલે ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારે ફ્રેન્ડશીપ ડે નિમિત્તે સવારે સેકટર-૧૩ની નંદનવન આશ્રમશાળા ખાતે બાળકોને મળવા ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટ તથા હેપ્પી યૂથ કલબના સેવાભાવી યુવાનો પહોચી ગયા હતા અને બાળકોને વાર્તાઓ, જોક્સ વગેરે કહી



ભરપૂર આનંદ કરાવ્યો હતો. ફ્રેન્ડશીપ ડેના દિવસે આ યુવાનો આવી પોતાનો સમય વિતાવવા સાથે મજા કરાવતા બાળકોને પણ આનંદ સાથે આશ્ચર્ય થયું હતું. આ પ્રસંગે યુવાનોએ બાળકોને ગરમાગરમ બટાકાપૌવાનો નાસ્તો કરાવ્યો હતો તેમજ ચોકલેટ ખવડાવી તેમનું મ્હો મીઠું કરવું હતું. આ ઉપરાંત બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિ બહાર આવે તે માટે યુવાનોએ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં જાણીતા ગુજરાતી ફિલ્મ નિર્માતા જગદીશભાઈ સોની, નિવૃત સરકારી અધિકારી જી.કે.પરમાર અને આશ્રમશાળાના આચાર્ય યોગેશભાઈ દરજી મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. આ બાળકો સાથે અનોખા "ફ્રેન્ડશીપ ડે"ની ઉજવણીમાં રાજન ત્રિવેદી, વિવેકા પટેલ, ભાવના રામી, વિજયસિંહ માજીરાણા, વિનય મિસ્ત્રી, શુભાંગી પ્રજાપતિ, ભૂમિકા પટેલ, માર્શલ મોસેસ, ધ્રુવિલ પટેલ, પાર્થ મોળાતર, મહેશ જીરાવાલા, રવિરાજ સથવારા, ઉર્વી પટેલ, બ્રિંદેશ પટેલ, શ્રેયાન્સી શ્રોફ વગેરેએ સક્રિય ભાગ લઈ બાળકોને આનંદ કરાવ્યો હતો. કાર્યક્રમના સમાપને બાળકોએ યુવાનોને ફ્રેન્ડશીપ બેન્ડ બાંધી તેમના આ નવા બનેલા મિત્રો સાથે "સેલ્ફી" પડાવવા ભારે પડાપડી કરી હતી.

# શહેરમાં ઘેર ઘેર ઝીણી જીવાતનો ઉત્પાત

## નરી આંખે ન દેખાતી અને પંખાના પવનો હોવા છતાં કરડતી આ જીવાત : મિશ્રીત વાતાવરણથી જીવજંતુનો ઉપદ્રવ વધ્યો

ગાંધીનગર, તા.૬

ઘોરંભાયેલા વાતાવરણે હાલ બિમારીમાં વધારો કર્યો છે. જેમાં તાવ, શરદી, ઉધરસ વગેરે રોગથી લોકો વધુ ત્રસ્ત બન્યા છે. વળી શહેરમાં સામાન્ય વરસાદથી ઠેર ઠેર જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે અને આ વનસ્પતિમાંથી ઉત્પન્ન થતી ઝીણી જીવાતે લોકોની ઉંઘ હરામ કરી નાંખી છે. સમી સાંજથી મોડી રાત્રિ સુધી જીવાતનો ઉત્પાત રહે છે જેથી લોકો સંધ્યાકાળથી જ પોતાના ઘરના બારી બારણાં બધ રાખતા થઈ ગયા છે. વધુમાં આ જીવાત નરી આંખે જોઈ શકાતી નથી. આ જીવાત કરડે છે ત્યારે જ ખબર પડે તેવી સ્થિતિ સર્જાઈ છે અને પંખાના પવનોથી પણ તે દૂર થતી નથી જેથી સમસ્યામાં વધારો થયો છે. જો કે મિશ્રીત વાતાવરણ થકી આ સ્થિતિ સર્જાઈ હોવાથી ઘરમાં દવાનો છંટકાવ કે ધુપ-ધુમાડા એ જ અસરકારક બન્યા હોવાનું જણાઈ આવ્યું છે.

બે થી ત્રણ વારના થયેલા વરસાદ પછી સતત વાદળો થકી વાતાવરણમાં ભેજ અકબંધ રહ્યો છે અને ભેજવાળુ વાતાવરણ રોગપ્રતિકારક શકિતને ઘટાડે છે જે કારણે હાલમાં બિમારીએ માથુ ઊંચકયું છે. ખાનગી અને સરકારી દવાખાનાઓમાં તાવ, શરદી, ઉધરસ જેવા રોગોના દર્દીઓની લાઈનો લાગી રહી છે ત્યારે હાલમાં આ ઝીણી જીવાતના ઉપદ્રવે લોકોને હચમચાવી નાંખ્યા છે. શહેરીજનો ઘરગથ્થુ હાથવગો ઉપાય કરી રહ્યા છે જેમાં લીમડાંના પાનનો ધુમાડ કે ધુપ કરીને કે પછી ઘરમાં દવાનો છંટકાવ કરી બિમારી ન થાય તેની સાવચેતી રાખી રહ્યા છે. આ ઝીણી જીવાતથી સૌથી વધુ નાના બાળકો, બિમાર લોકો અને વૃધ્ધો વધુ પરેશાન બન્યા છે. આ અંગે તંત્ર દ્વારા બિનજરૂરી ઉગી નીકળેલી વનસ્પતિ દૂર કરવા તેમજ સમગ્ર શહેરમાં ફોગીંગ કરવા પ્રયાસો હાથ ધરાય તે આવશ્યક બન્યું છે.

# દશામા યુવક મંડળ દશામા વ્રત ઉજવશે

ગાંધીનગર, તા.૬

સેકટર-૨૪ દશામા યુવક મંડળ તરફથી સેકટર-૨૪ દશામાના મંદિરે દશામા વ્રત નિમિત્તે દશે દશ દિવસ સુધી તા. ૧૧મી ઓગષ્ટથી તા. ૨૦મી ઓગષ્ટ સુધી રાત્રે માતાજીના ગરબાનું ભવ્ય આયોજન કરે છે. ભકતોને દર્શન ગરબાનો લાભ લેવા જણાવાયું છે. દશામાના વ્રત જાગરણ નિમિત્તે મેના કલાવૃંદના રાસ ગરબા યોજેલ છે તેમ રમેશભાઈ રમકડું દશામા યુવક મંડળે જણાવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. મંગાજી ગાંડાજી ઠાકોર, ઉ.વ. ૫૮